ભરૂચ-દહેજ વચ્ચે મેટ્રો/રેપિડ રેલની માંગ

1,700 બસમાં રોજ 2.04 લાખ લીટર ડીઝલનો વપરાશ, ₹.7,300 કરોડનો વાર્ષિક ખર્ચ બચી શકે

પૂર્વ મંત્રી ખુમાનસિંહ કે. વાંસિયાની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

પર્યાવરણને અનુકૂળ મુસાફરીની સુવિધા વિકસી શકે: ખુમાનસિંહ વાંસિયા

ખુમાનસિંહ વાંસિયાએ કેન્દ્ર અને રાજ્ય સરકારને ભરૂચ-દહેજ ઔદ્યોગિક કોરિડોરની વર્તમાન અને ભવિષ્યની પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ રૂટ પર મેટ્રો અથવા રેપિડ રેલ કનેક્ટિવિટીની વ્યવહારુતા અને ટેકનિકલ શક્યતાનો અભ્યાસ કરાવી યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરી છે. તેમણે જણાવ્યું છે કે, દહેજ જેવા મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક વિસ્તારને આધુનિક જાહેર પરિવહન સાથે જોડવાથી ઔદ્યોગિક વિકાસને અનુરૂપ પરિવહન માળખું ઊભું કરવામાં મદદ મળી શકે છે અને કર્મચારીઓ માટે સુરક્ષિત, સમયબદ્ધ તથા પર્યાવરણને અનુકૂળ મુસાફરીની સુવિધા વિકસાવી શકાય.

ભરૂચ: દહેજ GIDC ખાતે કાર્યરત હજારો કર્મચારીઓ અને શ્રમિકોની અવરજવર, ટ્રાફિકની સમસ્યા, ઈંધણના વધતા વપરાશ તથા પર્યાવરણીય નુકસાનને ધ્યાનમાં રાખીને ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો ટ્રેન અથવા રેપિડ રેલ/લોકલ ટ્રેન કનેક્ટિવિટી શરૂ કરવા અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

પૂર્વ મંત્રી ખુમાનસિંહ કે. વાંસિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ સૂચન રજૂ કરતાં જણાવ્યું હતું કે, દહેજ દેશના મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક વિસ્તારો પૈકીનું એક છે. દહેજ PCPIR વિસ્તારમાં મોટી સંખ્યામાં નાની-મોટી ઔદ્યોગિક કંપનીઓ કાર્યરત છે અને તેમાં કામ કરતા હજારો કર્મચારીઓ ભરૂચ શહેર તથા આસપાસના વિસ્તારોમાં વસવાટ કરે છે. રજૂઆત મુજબ કર્મચારીઓની અવરજવર માટે અંદાજે 1,700 જેટલી ખાનગી કંપની બસો દરરોજ ત્રણ શિફ્ટમાં ભરૂચ-દહેજ માર્ગ પર દોડે છે. એક બસ દ્વારા ત્રણ શિફ્ટ દરમિયાન અંદાજે 120 લીટર ડીઝલનો વપરાશ થતો હોવાના આંકડા રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રમાણે 1,700 બસ દ્વારા દરરોજ આશરે 2.04 લાખ લીટર ડીઝલ વપરાય છે.

રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે ડીઝલના પ્રતિ લીટર 98.10ના ભાવને ધ્યાને લેવામાં આવે તો આ બસોના ઈંધણ પાછળનો દૈનિક ખર્ચ આશરે 20 કરોડ થાય છે. વર્ષના ધોરણે આ રકમ આશરે 7,300 કરોડ જેટલી થાય છે. જોકે, આ ગણતરી બસોના જણાવાયેલા ઈંધણ વપરાશ અને દર્શાવેલા ડીઝલ ભાવના આધારે કરવામાં આવેલી અંદાજિત ગણતરી છે. ત્રણેય શિફ્ટના સમય દરમિયાન મોટી સંખ્યામાં બસો એકસાથે ભરૂચ-દહેજ માર્ગ પર દોડતી હોવાથી ટ્રાફિકનું ભારણ વધે છે. તેના પરિણામે કર્મચારીઓનો સમય બગડે છે અને માર્ગ અકસ્માતનું જોખમ પણ રહે છે. સાથે જ, મોટી સંખ્યામાં ડીઝલ વાહનોના સતત સંચાલનને કારણે હવાના પ્રદૂષણમાં વધારો થવાની પણ રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ સમસ્યાના લાંબા ગાળાના ઉકેલ તરીકે ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો રેલ, રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ અથવા યોગ્ય પ્રકારની ઝડપી પેસેન્જર રેલ સેવા શરૂ કરવાની શક્યતા અંગે અભ્યાસ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે. રેલ કનેક્ટિવિટી વિકસાવવામાં આવે તો મોટી સંખ્યામાં કંપની બસોનો રોડ પરનો આધાર ઘટી શકે, કર્મચારીઓ માટે ઝડપી અને વધુ સુવ્યવસ્થિત જાહેર પરિવહન ઉપલબ્ધ થઈ શકે તેમજ ઈંધણના વપરાશ અને વાહનવ્યવહારથી થતા પ્રદૂષણમાં ઘટાડો લાવવાની શક્યતા ઊભી થઈ શકે છે.

કન્યાસીમાં તલાટી પર હુમલો કરનારા ત્રણેય આરોપીનાં આગોતરા જામીન ફગાવાયાં

કીમ: કન્યાસી ગામે પંચાયતના બાકી વેરાની વસૂલાત દરમિયાન તલાટી કમ મંત્રી પ્રગ્નેશભાઈ જેતાણી સાથે ઝઘડો કરી હુમલો કરવાના કેસમાં ત્રણ આરોપીઓની આગોતરા જામીન અરજી સુરત સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. વેરો માંગવા ગયેલા તલાટી સાથે વિશાલ ગોહિલે તકરાર કરી હતી. ત્યારબાદ ધ્રુવ સોનવીયા અને જીતેન્દ્ર ગોહિલે એકસંપ થઈ તલાટી પર હુમલો કરી ધમકી આપી હતી. કીમ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો. સુરતની એડિશનલ સેશન્સ જજ દિલીપ વિષ્ણુપ્રસાદ પટેલે સરકારી કર્મચારી પર હુમલાનો ગંભીર ગુનો અને CCTV પુરાવા ધ્યાને લઈ ત્રણેયની જામીન અરજીઓ નાંજૂર કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

માલિબા ફાર્મસી કોલેજના સંશોધકોને 'ફાર્મઇનોવા એવોર્ડ-2026' એનાયત

બારડોલી: બારડોલીની ઉકા તરસાડિયા યુનિવર્સિટી સંલગ્ન માલિબા ફાર્મસી કોલેજની ગૌરવશાળી સિદ્ધિમાં વધુ એક છોગું ઉમેરાયું છે. કોલેજના સંશોધક ડો.વૃષ્ટિ કંસારા અને તેમના માર્ગદર્શક ડો.મિતાલી એચ. પટેલને ફાર્માસ્યુટિકલ સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન માટે રાષ્ટ્રીય સ્તરનો પ્રતિષ્ઠિત ફાર્મઇનોવા એવોર્ડ 2026: બેસ્ટ પીએચ.ડી. થિસિસ (ફાર્માસ્યુટિક્સ) એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ 27 ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે એનાયત કરાયો હતો. ડો.વૃષ્ટિ કંસારાએ ગ્રાફિન નેનો મટિરિયલ્સના થેરાનોસ્ટિક ઉપયોગો પર પોતાનું સંશોધન પૂર્ણ કર્યું હતું. આ સંશોધનમાં કેન્સરના પ્રારંભિક નિદાન માટે નેનો ટેક્નોલોજી આધારિત ડાયગ્નોસ્ટિક કિટ વિકસાવવામાં આવી છે, જેને ભારત સરકારના પેટન્ટ કાર્યાલય દ્વારા મંજૂરી પણ પ્રાપ્ત થઈ છે. આ એવોર્ડ ટ્રોઇકા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના રજનીભાઈ વી. પટેલ ટ્રસ્ટ દ્વારા એનાયત કરવામાં આવે છે.

વીરપોરમાં રાત્રે ધમધમતા જુગારધામ પર પોલીસનો દરોડો: ૪ ઝડપાયા

માંડવી: માંડવીના વીરપોરમાં જાહેરમાં ચાલી રહેલા જુગારધામ પર તડકેશ્વર પોલીસે ઓચિંતો દરોડો પાડી ચાર જુગારીને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે અંધારાનો લાભ લઈને બે શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે ટોર્ચના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા વીરપોરના જયેશ પટેલ, તડકેશ્વરના અબ્દુલ હાફીઝ માંગી, નોગામાના યોગેશ વસાવા અને ભરત પટેલને ઘટના સ્થળેથી ઘેરાબંધી કરીને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ફરાર થયેલા વીરપોરના બંને શખ્સ અલ્પેશ પટેલ અને હેમાંશુ પટેલ હોવાનું સામે આવતાં પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ઘટના સ્થળેથી ૨૯,૬૦૦ની રોકડ, ૨૦,૦૦૦ ની કિંમતના ચાર સ્માર્ટ ફોન અને ૧,૩૫,૦૦૦ની કિંમતનું રોયલ એનફીલ્ડ બુલેટ નં.(GJ-19-BP-8223) મળી કુલ ૧,૮૨,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ છ આરોપી વિરુદ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બારડોલીમાં KIASRC ખાતે 'દીક્ષારંભ'નો પ્રારંભ

બારડોલી: ઉકા તરસાડિયા યુનિવર્સિટી સંચાલિત કિશોરભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સીસ એન્ડ રિસર્ચ સેન્ટર (KIASRC), બારડોલી ખાતે B.Sc. (ઓનર્સ) એગ્રીકલ્ચરના પ્રથમ વર્ષના નવા વિદ્યાર્થીઓને આવકારવા માટે ૨૧ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ બે સપ્તાહના સ્ટુડન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામ 'દીક્ષારંભ ૨૦૨૬'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. બે અઠવાડિયાના આ પ્રોગ્રામમાં ઇન્ડસ્ટ્રિયલ વિઝિટ, ફીલ્ડ વિઝિટ, ઇકો-ટુરિઝમ, પ્રાયોગિક વર્કશોપ અને ક્ષેત્રના નિષ્ણાતો સાથેના સંવાદાત્મક સત્રોનો સમાવેશ થાય છે. આ ઉદ્ઘાટન સમારોહમાં સામાજિક કાર્ય ક્ષેત્રે પદ્મશ્રી એવોર્ડ (૨૦૨૨) વિજેતા રમલાબેન રાયસિંગભાઈ ગામીત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે નારી શક્તિ પુરસ્કાર (૨૦૨૧) વિજેતા, લેખિકા અને શિક્ષણવિદ્ નિરંજનાબેન મુકુલભાઈ કાલાર્થી તથા નવસારીના સોલધરા સ્થિત સહ્યાદ્રી હનીના માલિક અશોકભાઈ ભગુભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં બારડોલી પ્રદેશ કેળવણી મંડળના વાઇસ પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પટેલ, ઉકા તરસાડિયા યુનિવર્સિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. દિનેશ આર. શાહ અને વાઇસ ચાન્સેલર ડો. યોગેશ્વર પ્રસાદ કોસ્ટા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. KIASRCના ડાયરેક્ટર ડો.કે.બી.રાખસિયાએ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કડોદરામાં ગાંજા સાથે બે ઝડપાયા

પલસાણા: પલસાણા તાલુકાની કડોદરા GIDC પોલીસે ક્રિષ્નાનગર કેનાલ રોડ પર હનુમાનજી મંદિર પાછળ પતરાના કેબિનમાંથી ગાંજાના વેચાણ અંગે દરોડો પાડી બે પરપ્રાંતીય શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે બિહારના મૂળ વતની અંકિત ઝા અને સંતોષકુમાર જાદવ પાસેથી 9,400ની કિંમતનો 188 ગ્રામ ગાંજો, મોબાઇલ અને રોકડ મળી કુલ 19,850નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો જોળવાના સૂરજ સિંગ પાસેથી લાવ્યા હોવાનું ખૂલતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પીપોદરાની મિલમાં ગરમ પાણીની છોળો ઉછળી, ત્રણ કામદાર દાઝી ગયા

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં આવેલી સિદ્ધાર્થ નામની કંપનીમાં ડાઇંગ મશીન નંબર એક પર કાપડના રોલના ડાઇંગની કામગીરી ચાલી રહી હતી. આ પ્રક્રિયા દરમિયાન મશીનનું તાપમાન 130 ડિગ્રી જેટલું પહોંચ્યા બાદ સિસ્ટમ અનુસાર મશીન ઓટોમેટિક બંધ થઈ ગયું હતું. મશીન ઠંડું પડી ગયું હોવાનું અનુમાન લગાવીને કારીગરો દ્વારા મશીનનું ઢાંકણ ખોલવામાં આવતાં જ અંદર રહેલું ગરમ પાણી કામદારો પર ઊડતાં છેદીલાલ જોહરી (ઉ.વ.60), વિનોદભાઈ બદરી શાહ (ઉ.વ.45) અને રુદ્રભાઈ પ્રદીપકુમાર પોદાર (ઉ.વ.21) દાઝી ગયા હતા, જેમાં છેદીલાલ અને વિનોદભાઈ બંને હાથના ભાગે, જ્યારે રુદ્રભાઈ પીઠના ભાગે દાઝી જતાં સારવાર માટે ખસેડ્યા હતા. આ બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કડોદ રોડ પરથી બેભાન હાલતમાં મળેલા યુ.પી.ના આધેડનું મોત

બારડોલી: બારડોલીના કડોદ રોડ પર રહેતા મૂળ યુ.પી.ના ૪૮ વર્ષીય બબલુ ગૌતમ ગત ૧૩ સપ્ટેમ્બરે ઘરે શંકાસ્પદ રીતે બેભાન મળી આવ્યા હતા. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દસ દિવસની સારવાર બાદ તારીખ ૨૩ સપ્ટેમ્બરે તેમનું મોત નીપજ્યું છે. પોલીસે અકસ્માતે મોતોનો ગુનો નોંધ્યો છે.

કીમામલીના ખેતરમાં શ્રમિકનું મોત

કીમ: કીમામલી-બોલાવ માર્ગ પર ખેતરમાં કામ કરી રહેલા હાંસોટના ડેલી ગામના ૫૧ વર્ષીય શ્રમિક રમણભાઈ વસાવાને બુધવારે બપોરે અચાનક ગભરામણ થતાં ખેતરમાં જ મોત નીપજ્યું હતું. કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પાનોલી GIDCમાં સલ્ફર મિલ કંપનીમાં ગેસ લીકેજથી અફરાતફરી

યુનિટ-૨માં ટેક્નિકલ એરર બાદ પ્રેશર વધતાં સેફ્ટી વાલ્વ ફાટ્યાનું પ્રાથમિક તારણ

ધડાકા સાથે ગેસ હવામાં ફેલાતાં આસપાસના વિસ્તારમાં દોડધામ

અંકલેશ્વર: પાનોલી જીઆઇડીસીમાં આવેલી સલ્ફર મિલ કંપનીના યુનિટ-૨માં ટેક્નિકલ એરરના પગલે ગેસ લીકેજની ઘટના બનતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાન્ટના ટોપ ફ્લોર પર અચાનક ધડાકો થતાં કેટલાંક પતરાં હવામાં ઊડી ગયાં હતાં. ધડાકા સાથે જ ગેસ હવામાં ફેલાતાં કંપની પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં ચિંતા ફેલાઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ યુનિટ-૨માં ટેક્નિકલ ખામીના કારણે પ્રેશર વધ્યું હતું. જેના પગલે સેફ્ટી વાલ્વ ફાટી જતાં ધડાકો થયો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું. ઘટનાની સાથે જ ગેસ હવામાં ફેલાયો હતો. ધડાકાનો અવાજ અને ગેસ લીકેજના પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં કંપનીના સલામતી કર્મચારીઓ તેમજ સંબંધિત તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગેસ લીકેજનું ચોક્કસ કારણ, ઘટનાથી થયેલા નુકસાન તથા કોઈ જાનહાનિ કે ઈજા થઈ છે કે કેમ તે અંગેની સત્તાવાર વિગતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

દાંડી ગ્રા.પં.ના ઈનચાર્જ સરપંચ વિરુદ્ધ સરકારી નાણાંનાં દુરુપયોગનો આક્ષેપ

ઇ.સરપંચ વિરુદ્ધ ગ્રા.પં.ના ૬ સભ્યએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કર્યા પછી તંત્રની લાપરવાહી

સાયણ: ઓલપાડ તાલુકાના દરિયાઈ કાંઠાના છેવાડાના દાંડી ગામમાં ઈનચાર્જ સરપંચ પરેશ રામાભાઈ ખલાસી વિરુદ્ધ ગ્રા.પં.ના ૮માંથી ૬ વોર્ડ સભ્યોએ મનસ્વી કામગીરી અને સરકારી નાણાંના દુરુપયોગના ગંભીર આક્ષેપો સાથે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જોકે, દરખાસ્તના ૨૪ દિવસ વિતવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતાં ગ્રામજનો અને સભ્યોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

અનુસૂચિત જનજાતિનો એકપણ મતદાર ન હોવા છતાં આ બેઠક ફાળવાતાં શરૂઆતથી જ વિવાદમાં રહેલી આ પંચાયતમાં ૨૨ જુલાઈ-૨૦૨૫ના રોજ ડેપ્યુટી સરપંચ પરેશ ખલાસીને ચાર્જ સોંપાયો હતો. પરંતુ મનસ્વી વહીવટથી નારાજ ૬ સભ્યોએ ૧ સપ્ટેમ્બરે અવિશ્વાસનો પ્રસ્તાવ આપ્યો હતો. ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ ઈનચાર્જ સરપંચે ૧૫ દિવસમાં સભા બોલાવવાની સૂચના ન આપતાં તલાટી વિષ્ણુ પ્રજાપતિએ આગળની કાર્યવાહી માટે ઓલપાડ ટીડીઓને રિપોર્ટ સોંપ્યો હતો.

ટીડીઓએ પોતાના તાબા હેઠળ ૧૫ દિવસમાં ખાસ સામાન્ય સભા બોલાવવાની હોય છે, પરંતુ હજુ સુધી સત્તાવાર પત્ર ન મળતાં તલાટી એજન્ડા કાઢી શક્યા નથી. નિયમ મુજબ બાકી બચેલા દિવસોમાં જાહેર રજાઓ આવતી હોવાથી સમયમર્યાદામાં સભા યોજાશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

ઇ.સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરનારા સભ્યો અને તેમના સમર્થકો આ મામલાની કાર્યવાહી માટે ગામના તલાટી કમ-મંત્રીને દોષિત ઠેરવી વિવાદ કરતા છેલ્લા ૨૪ દિવસથી તાલુકાના રાજકારણમાં ગરમાટો ચાલી રહ્યો છે. બીજી તરફ તલાટી વિષ્ણુ પ્રજાપતિએ સ્પષ્ટતા કરી છે કે, ગુ.પં.અધિનિયમની જોગવાઈ મુજબ આ પ્રકારની દરખાસ્તના નિકાલ માટે સરપંચે ૧૫ દિવસમાં સામાન્ય સભા બોલાવાવા તલાટીને એજન્ડા કાઢવા સૂચના આપવી જોઈએ, પરંતુ મને ઈ.સરપંચે કોઈ સૂચના ન આપતાં મેં ૧૫ દિવસની મુદત પૂરી થયાના બીજા જ દિવસે આ બાબતે ઓલપાડ ટીડીઓને રિપોર્ટ કરી દીધો હતો. જેથી આ રિપોર્ટ પછીના ૧૫ દિવસમાં ટીડીઓએ ગ્રા.પં.ની ખાસ સામાન્ય સભા બોલાવવા અમોને પત્રથી જાણ કરેલી ન હોવાથી મેં હજુ સુધી મિટિંગના એજન્ડા કાઢ્યા નથી. જેથી આ લોકોએ મારા ઉપર કરેલા ખોટા આક્ષેપોનું હું ખંડન કરું છું.

નવી પારડી પાસે કારમાંથી દારૂ ઝડપાયો

પલસાણા: સુરત LCBએ કામરેજના નવી પારડીમાં રેડ કરી ₹.2.52 લાખનો દારૂ (1,524 નંગ બોટલ) ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી ઈનોવા કાર નં.(GJ-10-AP-7872)ના બારડોલીના ચાલક મોહમદ અનસ મોહમદ યુસુફ જરીવાલાની ધરપકડ કરી છે. કાર, મોબાઈલ અને રોકડ મિલાવી કુલ 6.93 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. દારૂ સપ્લાય કરનાર સેલવાસના સંદીપ તથા મંગાવનાર સુરતના વેલંજાના કરણ વાંસફોડા અને કામરેજના અંત્રોલીના બીપીન પટેલને વોન્ટેડ જાહેર કરાયા છે.

કાવી-દહેગામ રોડ પર અકસ્માત બાદ બે કાર ભડભડ સળગી ઊઠી

ભરૂચ: જંબુસર તાલુકાના કાવી-દહેગામ રોડ પર પરસ્પર આવી રહેલી બે કાર વચ્ચે અચાનક ધડાકાભેર ટક્કર થઈ હતી. અકસ્માતની ગંભીરતા એટલી બધી હતી કે તેમાં બંને કારને સામાન્ય ઈજા ન થતાં ભારે નુકસાન પહોંચ્યું હતું અને તરત જ આગ લાગી ગઈ હતી. આગની લપેટમાં આવતાં બંને વાહનો સંપૂર્ણપણે સળગી ગયાં હતાં. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને સ્થાનિક લોકોએ ઘટના સ્થળે દોડી આવીને આગ ઉઠાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જોકે, અકસ્માતમાં બંને કારચાલકોને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

'મેં તો મારી જિંદગી જીવી લીધી છે, પણ હવે તમને શાંતિથી જીવવા નહીં દઉં'

માસમા ગામે ટાઉનશિપમાં રહેતા સસરાએ વહુને કપાળ ઉપર પેવર બ્લોક ફટકાર્યો

નાની વહુને જાનથી મારી નાંખવાની ધમકી આપી

સાયણ: ઓલપાડ- સુરત રોડને માસમા ગામે એક ટાઉનશીપમાં રહેતા પરિવારના સસરાએ બે વહુ અને નાના પુત્ર સાથે અશોભનીય વર્તન કરવાનો મામલો ઓલપાડ પોલીસ મથક સુધી પહોંચ્યો છે.

માસમા ગામની સીમમાં પ્લોટ નં.૨૯, સેક્ટર-૩ના મેગા સિટી ટાઉનશિપમાં રહેતા એક પરિવારમાં ફરિયાદી મહિલા સવિતા રામેશ્વર ગીંદે (ઉ.વ.૨૯) તેના પતિ રામેશ્વર, દિયર મહેશ અને તેની પત્ની નેહા (ઉ.વ.૨૩) તથા ૬૭ વર્ષીય સસરા શ્રાવણ ગીંદે સાથે રહે છે. ગત તા.૨૦ના રોજ રાત્રે ૮ વાગ્યાના સુમારે તેના ઘરે પિયર પક્ષના બનેવી અશોક બામલે, યોગેશ અને તેની માસીનો દીકરો દિલીપ સાથે તેનો એક અજાણ્યો મિત્ર જમવા માટે આવ્યો હતો. તેણી મહેમાનોને જમાડતી હતી, ત્યારે તેના લડાયક મિજાજના સસરા શ્રાવણે સવિતા અને મહેમાનો સાથે ગાળાગાળી કરી લડાઈ ઝઘડો શરૂ કરી તેણીના પિતાને ગાળો સાથે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જ્યારે આ મહેમાનો જમીને પોતાના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે ઘરના આંગણામાં ઊભેલી મોટી વહુ સવિતા સાથે સસરાએ ઘરની બહાર આવી ફરી ઝઘડો કરી આંગણામાં પડેલો સિમેન્ટનો બ્લોક કપાળના ભાગે મારી ઝપાઝપી કરી ઈજા પહોંચાડી હતી. જે ઝઘડામાં તેની દેરાણી નેહા તેને છોડાવવા દોડી આવતાં સસરાએ હાથના ભાગે નખ માર્યા હતા. આ સમયે તેણીનો દિયર મહેશ પણ બચાવવા દોડી આવ્યો હતો, ત્યારે શ્રાવણ ગીંદેએ તમામ સાથે ફરી ગાળો સાથે ઝઘડો કરી કહ્યું હતું કે, 'મેં તો મારી જિંદગી જીવી લીધી છે, પણ હવે તમને હું શાંતિથી જીવવા નહીં દઉં'. તેણે આ સમયે પરિવારના સભ્યોને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બાબતે મોટી વહુ સવિતાએ તેના સસરા શ્રાવણ ગીંદે વિરુદ્ધ બે દિવસ પછી ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોસંબા નજીક હાઈવે પર બે લક્ઝરી બસ અથડાઈ

હથોડા: કોસંબા નજીક હાઈવે પર ગુરુવારે બે લક્ઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસની પાછળ બસ અથડાઈ હતી, પરંતુ કોઈને જાનહાનિ કે નુકસાન થયું ન હતું. સામાન્ય અકસ્માતને પગલે ઘટના બાબતે પોલીસ મથકે થકે ફરિયાદ નોંધાઈ નથી.

કિશ પટેલ - ઓમકાર ડાયગ્નોસ્ટિક સ્કેન, ચીખલી

રાકેશ માહ્યાવંશી - જય શિવરાવ યુવક મંડળ, બારડોલી

અનિકેત પટેલ, કૃણાલ પટેલ, પ્રકાશ પટેલ, ધવલ પટેલ - બરબોધન

દક્ષ નિખિલ પટેલ, શ્લોક હાર્દિક પટેલ ગામતળાવ બુજરંગ, માંડવી

હંસા સોલંકી, નીતા ઠક્કર, મનીષા પારેખ, નીતા પટેલ, સુનિતા રાજપૂત, વંદના ગુમા - બીલીમોરા